ગુજરાત આખા દેશમાં રોજગારી આપવામાં પ્રથમ નંબરે છે : રમણલાલ વોરા

૮૭ ઉમેદવારોને નિમણૂકપત્રો એનાયત કરવામાં આવ્યા

પાટણ, તા. ૬

જિલ્લા પંચાયત પસંદગી સમિતિ, પાટણ દ્વારા પસંદગી પામેલ ઉમેદવારોને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના રંગભવન ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરા તેમજ મહાનુભાવોના વરદ હસ્તે નિમણુંકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં ૭ જુનિયર કલાર્ક, ૧૧ તલાટી કમ મંત્રીશ્રી, ૪૫ મલ્ટીપરપઝ હેલ્થ વર્કર અને ૨૪ ફીમેલ હેલ્થ વર્કર એમ ૪ સંવર્ગમાં કુલ ૮૭ પસંદગી પામેલ ઉમેદવારોને નિમણુંકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

(તસવીર : ચેતન રામી, પાટણ)

આ -સંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, યુવાઓને રોજગારી આપવામાં આખા દેશમાં ગુજરાત -થમ નંબરે છે. રાજય સરકાર દ્વારા કન્યા કેળવણી રથ અને કૃષિ મહોત્સવ જેવા કલ્યાણકારી કાર્યક્રમો થકી ગુજરાતની વિકાસ કૂચ આગળ વધી રહી છે. વાયબ્રન્ટ ગુજરાત અને ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ દ્વારા ગુજરાતનો વિકાસ થતો રહયો છે. રાજયમાં ઉદ્યોગ ધંધા વધી રહયા છે. જેનાથી ખાનગી ક્ષેત્રે રોજગારીની તકો વધી રહી છે. રાજય સરકારની અનેકવિધ યોજનાઓથી યુવાનોને સ્વરોજગારી મળી રહી છે. રાજય સરકાર દ્વારા વિદેશ જવા માટે રૂા. ૧૫ લાખ અને કોમર્શિયલ પાયલોટ બનવા માટે રૂા. ૨૫ લાખની લોન આપવામાં આવે છે.

વધુમાં મંત્રીશ્રી વોરાએ જણાવ્યું હતું કે, રાજય સરકારે આગમી ૧૦ વર્ષમાં નિવૃત થનાર કર્મચારીઓ-અધિકારીઓનું કેલેન્ડર બનાવ્યું છે. આગામી બે વર્ષમાં આશરે ૨.૫ લાખ ઉમેદવારોની ભરતી કરવામાં આવશે. ઉમેદવારની વયમર્યાદામાં પાંચ વર્ષનો વધારો કરવામાં આવ્યો છે. પોલીસ વિભાગમાં ૩૩ ટકા બહેનોની ભરતી કરવામાં આવશે.

પસંદગી પામેલ ઉમેદવારોને શીખ આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને ભારતના વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું ગુજરાતનો યુવાન ઓશિયાળો ન રહેવો જોઈએ તે સ્વપ્નને સાકાર કરવા કર્મયોગી બની આપેલ જવાબદારીને નિષ્ઠા અને -માણિકતાથી નિભાવી ગુજરાતની -જાના વિશ્વાસને પરિપુર્ણ કરવા શુભેચ્છા પાઠવી હતી.

આ -સંગે જિલ્લા પંચાયતના -મુખશ્રી મોહનભાઈ પટેલે જણાવ્યું હતું કે, પસંદગી પામેલ ઉમેદવારો જિલ્લા પંચાયતના કર્મચારી નહી પરંતુ કર્મયોગી છે. અંતરીયાળ ગામોના ગરીબ લોકો સાથે કામગીરી કરવાની હોઈ સેવાની ભાવનાથી કામ કરવા અને પાટણ જિલ્લાના વિકાસમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

પાટણ વિધાનસભાના ધારાસભ્યશ્રી રણછોડભાઈ દેસાઈ, દહિયા, રાધનપુર વિધાનસભાના ધારાસભ્યશ્રી નાગરજી ઠાકોર, એસ.ટી.નિગમના ડીરેક્ટરશ્રી કે.સી.પટેલ, અગ્રણીશ્રીઓ ભરતભાઈ આર્ય, દશરથજી ઠાકોર, જિલ્લા કલેકટરશ્રી એચ.એન. ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ગૌરવ જિલ્લા પંચાયતના અધિકારીશ્રીઓ, ઉમેદવારો ઉપસ્થિત રહયા હતા.

ધનસુરા પોલીસે કતલખાને લઈ જવાતા બે બળદો ભરેલુ ડાલુ ઝડપી પાડ્યુ

વડાગામ, તા. ૭

ધનસુરા પોલીસે સીકા ગામની સીમમાં સીકાવાવ ચાર રસ્તા પાસેથી ગેરકાયદેસર રીતે બળદોને કતલખાને લઈ જતા ડાલાને ઝડપી પાડ્યું હતું. પોલીસે કુલ રૂ. ૧.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કરી બે શખ્સોની ધરપકડ કરી હતી અને બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતીના આધારે, ધનસુરા પોલીસ મથકના પી.એસ.આઈ. આર.જી. બારોટને બાતમી મળી હતી કે ધનસુરા પાસે આવેલ સીકાવાવ ચાર રસ્તા પાસેથી કોઈક ઈસમો ગેરકાયદેસર રીતે અબોલ પશુઓને ભરી કતલખાને લઈ જઈ રહ્યા છે. જે હકિકતના આધારે પી.એશ.આઈ. બારોટ અને તેમની ટીમે સીકાવાવ ચાર રસ્તા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીની હકિકતના આધારે ગેરકાયદેસર રીતે બે બળદો ભરી કતલખાને લઈ જવાતા ટાટા એ.સી.ઈ. ડાલા નં. જીજે-૯ઝેડ-૪૩૮૭ને ઝડપી પાડી બેશખ્સો દિનેશ રણછોડભાઈ સોલંકી અને રાજેન્દ્રસિંહ મદનસિંહ જાડેજા બન્ને (રહે. વાવ, તા. તલોદ જિલ્લો સાબરકાંઠા)ની પણ ધરપકડ કરી હતી. પોલીસે વગર પાસ પરમીટે ભરી ઘાસચારા કે પાણીની સગવડ વગર દોરડા વડે બાંધેલા અબોલ બળદ પશુને મુક્ત કરાવ્યા હતા અને કુલ રૂ. ૧.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કરી આરોપી બન્ને ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

પાલનપુર મુકામે રમણલાલ વોરાના હસ્તે તલાટી, ક્લાર્ક અને ફિમેલ હેલ્થ વર્કરોને નિમણૂકપત્રો એનાયત કરાયા

પાલનપુર, તા. ૬

બનાસકાંઠા જીલ્લામાં તાજેતરમાં યોજાયેલ તલાટી, કલાર્ક, ફિમેલ હેલ્થ વર્કર અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની પરીક્ષાઓમાં પાસ થયેલ ઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કરવાનો કાર્યક્રમ પાલનપુર મુકામે આવેલ કર્મચારી કલ્યાણ તંત્ર ભવનમાં જિલ્લાના -ભારી મંત્રીશ્રી અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં કૂલ-૨૪૩ ઉમેદવારોને નોકરીના નિમણૂંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ -સંગે મંત્રીશ્રી રમણલાલ વોરાએ -સંગીક -વચન કરતાં જણાવ્યું હતુ કે ૧ લાખથી વધુ ઉમેદવારો આ પરીક્ષામાં બેઠા હતા તેમાંથી પસંદગી પામનાર ૨૪૩ ઉમેદવારોને હું ખુબ ખુબ અભિનંદન પાઠવું છું. નવી નિમણૂંક પામનારા કર્મચારીઓને અભિનંદન પાઠવતા તેમણે જણાવ્યું કે તમે આજથી રાજય સરકારની સેવામાં જોડાઈ કર્મયોગીઓ બન્યા છો. તેમણે કહ્યુ કે તમારા માતા-પિતાએ ખુબ કઠીનાઈઓ વેઠીને તમને આગળ લાવ્યા છે. તેમના સ્વપ્નાઓ અને અરમાનો પુરા કરી સમાજની ખુબ સારી સેવા કરીએ. મંત્રીશ્રીએ કહ્યુ કે આપણા વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્નું છે કે મારા દેશનો દરેક યુવાન શક્તિશાળી અને કૌશલ્યવાન બને તે દિશામાં આપણે કામ કરવું છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતુ કે રોજગારી આપવામાં ગુજરાત સમગ્ર દેશમાં -થમ સ્થાને છે. તેમણે કહ્યુ કે દર બે વર્ષે યોજાતા વાયબ્રન્ટ સમિટથી ગુજરાતે રોજગારીના નવા દ્વાર ખોલ્યા છે. ગુજરાતમાં વિવિધ ઉધોગો આવવાથી ગુજરાતના યુવાનોને સૌથી વધુ રોજગારી મળી રહે છે. તેમણે ઉમેર્યુ કે સમગ્ર દેશમાં ગુજરાત ૭૨ ટકા રોજગારી આપે છે. તેમણે કહ્યુ કે રાજય સરકારે સાયન્ટીફિક રીતે જોબ કેલેન્ડર બનાવી લાખો યુવાનોની ભરતી કરવાનું આયોજન કર્યુ છે. તેમણે કહ્યુ કે આવતા બે વર્ષમાં રાજયમાં ૨.૫૦ લાખ અધિકારી અને કર્મચારીઓની ભરતી કરવામાં આવશે. તેમણે કહ્યુ કે જી.પી.એસ.સી.ની ભરતીમાં ૫ વર્ષની વયમર્યાદા વધારીને વધુમાં વધુ યુવાનોને આ પરીક્ષાનો લાભ મળે તેવો સુંદર નિર્ણય રાજય સરકારે કર્યો છે. તેમણે નવી નિમણૂંક મેળવનારા ઉમેદવારોને કહ્યુ કે બનાસકાંઠા જિલ્લાની -જાની વેદનાને સમજી તેમના જીવનમાં -ગતિ થાય તેવા વિકાસના કામો કરી સમાજનું ઋણ અદા કરીએ.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહનવ્યવહાર રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યુ કે નવી નોકરી મેળવનાર ઉમેદવારો અને તેમના વાલીઓ માટે આજનો દિવસ ગૌરવનો દિવસ છે. તેમણે કહ્યુ કે દરેક વ્યક્તિ પોતાના રાષ્ટ્ર માટે સમર્પણની ભાવનાથી કામ કરે તો તેનું સુંદર પરિણામ મળે છે. તેમણે જણાવ્યુ કે દેશના વિકાસનો આધાર ગામડાઓ છે અને તમારા ઉપર વિશ્વાસ મુકી ગામડાઓના વિકાસની જવાબદારી સરકારે તમને સોપી છે. મંત્રીશ્રીએ કહ્યુ કે રાજય સરકારની પારદર્શક ભરતી -ક્રિયાને લીધે હજારો મહેનતુ યુવાનોને નોકરી મળી છે. તેમણે કહ્યુ કે રાજય સરકારે પારદર્શક ભરતી માટે જોબ કેલેન્ડર પણ બનાવ્યુ છે જેમાં વિવિધ વિભાગોમાં કેટલી ભરતી થશે તેની માહિતી પણ અગાઉથી આપી દેવામાં આવી છે. તેમણે જણાવ્યુ કે પોલીસ ભરતીમાં હવે ૩૩ ટકા મહિલાઓનો સમાવેશ થશે.

આ -સંગે સાંસદશ્રી હરીભાઈ ચૌધરી, જિલ્લા પંચાયતના -મુખશ્રી રાજેન્દ્રભાઈ જોષીએ -સંગિક -વચનો કર્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે.પટેલે સ્વાગત -વચન કર્યુ હતુ. કાર્યક્રમમાં પૂર્વ મંત્રી અને ધારાસભ્યશ્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ, જિ.પં.ઉપ-મુખશ્રી સુખદેવસિંહ સોઢા, પૂર્વ ધારાસભ્યો સર્વશ્રી હરજીવનભાઈ પટેલ, ગોવિંદભાઈ -જાપતિ, કલેકટરશ્રી મહેન્દ્ર પટેલ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના અધિકારીશ્રી બંસીધરભાઈ પંચાલ, અગ્રણીઓ સર્વશ્રી દુષ્યંતભાઈ પંડ્યા, ગજેન્દ્રભાઈ સકસેના, બાબરાભાઈ ચૌધરી, કાળુભાઈ આસેડીયા, ગુમાનસિંહ ચૌહાણ, વિજય ચક્રવર્તી, -ંત અધિકારીશ્રી જે.બી.દેસાઈ સહિત અધિકારીઓ અને ઉમેદવારો તથા તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શામળાજી ખાતે ગાયત્રી શક્તિપીઠ દ્વારા ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરાશે

તલોદ, તા. ૬

અરવલ્લી પર્વતો નયનરમ્ય હારમાળા વચ્ચે શામળાજીમાં ભારત વર્ષની સર્વપ્રથમ ગાયત્રી શક્તિપીઠ ખાતે આગામી ગુરુપૂર્ણિમાની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી દરમ્યાન ગુરુપૂજન તેમજ પંચકુંડી યજ્ઞ અને ધ્યાન-આરતી વગેરેનું આયોજન કરાયું છે.

યુગ દ્રષ્ટા પૂ. ગુરૂદેવ શ્રીરામ શર્મા આચાર્ય દ્વારા ગાયત્રી મહામંત્ર વિધાને સર્વસુલભ બનાવવા સાથે વિશ્વના ૮૦ દેશોમાં, વિવિધ ભાષાઓમાં આર્ષગ્રંથો સદ્ સાહિત્ય, યજ્ઞ વગેરે દ્વારા દિવ્ય વિચારો થકી દેવી ગાયત્રીને વેદમાતા-વિશ્વમાતા તરીકે સ્થાપિત કરવા પ્રયત્નો કરાયા હતા. ભારતીય સંસ્કૃતિમાં ગુરુપૂર્ણિ એ મેરૂદંડ સમાન પર્વ ગણાય છે. અને આ પાવન પર્વ નિમિત્તે શામળાજી ખાતેની ગાયત્રી શક્તિપીઠમાં અલૌકિક વાતાવરણમાં જપ-તપ-જ્ઞાન અને સેવાકાર્યો થકી સંપન્ન થશે. આ પર્વ નિમિત્તે તા. ૧૧મી જુલાઈ શુક્રવારે સાંજે ૮.૦૦ થી ૯,૦૦ કલાકે માનવકલ્યાણ અર્થ સર્વ ધર્મ પ્રાર્થના તેમજ દિપયજ્ઞ યોજાશે. તા. ૧૨મી જુલાઈ શનિવારે ૪.૩૦ થી ૫.૦૦ કલાકે ધ્યાન, ૫.૦૦ થી ૫.૨૦ વાગે આરતી, ૫.૨૫ થી ૬.૦૦ કલાકે શ્રી ગુરૂદેવ પૂજન યોજાશે. ત્યારબાદ ૬.૦૦ થી ૭.૦૦ વાગ્યા દરમ્યાન સામુહિક જપ અને ૭.૦૦ થી ૮.૦૦ વાગ્યા દરમ્યાન પંચકુંડી યજ્ઞ યોજાશે. ત્યારબાદ ગુરૂદેવનું જીવનવૃતાંત પ્રદર્શિત કરાશે અને પછી બપોરે સમૂહચર્ચા યોજાશે. આ પર્વની ઉજવણીમાં અરવલ્લી તેમજ સાબરકાંઠા જિલ્લાના પરિવારોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ અપાયું છે.

ઉમરેઠ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેનપદે દિનેશ પટેલની સર્વાનુમતે વરણી

ઉમરેઠ, તા. ૬

તાજેતરમાં ઉમરેઠ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ની વ્યવસ્થાપક કમીટીની ચૂંટણી યોજાઈ હતી. જેમાં મંડળીના નીયમોને આધીન ૨૯૧ સભાસદો પૈકી ૨૫ ઉમેદવારો નવી અને જુની એમ બે પેનલ રચી મેદાનમાં ઉતર્યા હતા. બે અપક્ષ ઉમેદવારોએ પણ ચૂંટણીમાં ઝંપલાવ્યુ હતુ. જેમાં ભારે રસાકસી બાદ પાંચ જેમ છ મતોથી નવી પેનલની જીત થઈ હતી. તા.૨.૭.૨૦૧૪ના રોજ કમીટીની મીટીંગ બોલાવવામાં આવી હતી. આ મીટીંગમાં નિર્ણય થયા મુજબ ઉમરેઠ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના ચેરમેન તરીકે દિનેશભાઈ ભીખાભાઈ પટેલ તથા વા. ચેરમેન તરીકે ભુપેન્દ્ર રામાભાઈ પટેલની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી.

ઉમરેઠ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. રોજનું ૩૦૦૦ લીટર દૂધ ઉત્પાદન કરે છે. અને ઓડીટ વર્ગ અ ધરાવે છે. આમ આ પ્રતિષ્ઠિત સહકારી મંડળીમાં નવી પેનલ વિજેતા જાહેર થતાં સભ્યોમાં ખુશીનો માહોલ છવાયો હતો.

પાલનપુરમાં ચાઈનીજ નાસ્તાવાળાએ ગાયને તિક્ષ્ણ છરી મારતા લોકરોષ ભભૂક્યો

પાલનપુર, તા. ૬

પાલનપુર શહેરના કોલેજ રોડ પર આવેલ મુવીવર્લ્ડ પાસેના ટ્રેઝર મોલ નીચે એક ચાઈનીઝ નાસ્તાની લારીવાળાએ તેની લારી પર લોટ ચાટી રહેલી એક ગાયને પહેલા લાકડીથી ફટકારી પછી છરી જેવા તિક્ષ્ણ સાધનથી હુમલો કરતા ગાય લોહીલુહાણ થઈને મોટેથી ભાંભરતી દોડવા માંડી હતી. આ દૃશ્ય જોઈને ત્યાં ઉભેલા એક જીવદયા પ્રેમીએ તેના મિત્રો સાથે આ લારીવાળા પર હુમલો કરી દીધો હતો અને તેની દુકાનની તોડફોડ કરી હતી.

પાલનપુરના દિલ્હીગેટ, ગુરૂનાનક ચોક, સીમલાગેટ, સ્ટેશન રોડ અને કોલેજ રોડ જેવા વિવિધ સ્થળોએ ખાણીપીણીનું બજાર વિકસ્યું છે. ખાણીપીણીના આ બજારમાં ચાઈનીઝ નાસ્તા યુવાનોમાં વધુ લોકપ્રિય બન્યા છે. કોલેજ રોડ પર આવાજ ચાઈનીઝ નાસ્તાની લારીવાળાએ તેની લારી પર એક રખડતી ગાયને લોટ ખાતી જોઈ તેનો પિત્તો ગુમાવ્યો હતો. નેપાળી જેવા હોવાતા આ વેપારીએ ગુસ્સામાં સાન ભુલીને ગાયને લાકડી વડે ફટકારી તેમજ છરી જેવા તિક્ષ્ણ સાધન વડે ગાયને મારતા ગાય લોહીલુહાણ થઈ ગઈ હતી અને મોટેથી ભાંભરતી દોડવા લાગી હતી. આ દૃશ્ય જોઈને નજીકમાં ઉભેલા એક જીવદયાપ્રેમી પશુપાલક રબારી યુવાને તેના મિત્રો સાથે આ વેપારી પર હુમલો કર્યો હતો અને તેની લારીની તોડફોડ કરી સામાન વેરવિખેર કરી દીધો હતો. વેપારી સમય સૂચકતા વાપરી ત્યાંથી છટકી ગયો હતો પરંતુ ભેગા થયેલા લોકટોળાએ ઘટનાસ્થળે દોડી આવેલ ડીવાયએસપી એસ.એમ. પરમાર, પશ્ચીમ પોલીસ સ્ટેશનના પીઆઈ વી.બી. મકવાણા અને પીએસઆઈ આર.સી. વ્યાસની ટીમ સમક્ષ વેપારીને પકડીને કડક સજા કરવા માંગણી કરી હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe TILES MARBLE ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧